# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગઅમદાવાદ ,આકાશવાણી ,

**Date: 28-01-2025 Day: Friday Evening: 6.25 to 6.30pm**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## રાષ્ટ્રપતિ-કચ્છ મુલાકાત:

કચ્છની મુલાકાતે આવેલા રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ આજે ભુજ ખાતે સ્મૃતિવન ભૂકંપ મેમોરિયલ એન્ડ મ્યૂઝિયમની મુલાકાત લીધી હતી. આ તકે રાષ્ટ્રપતિએ સ્મૃતિવન પરિસરમાં વૃક્ષારોપણ કરીને પર્યાવરણ જતનનો સંદેશ આપ્યો હતો.

રાષ્ટ્રપતિએ સ્મૃતિવન મેમોરિયલની વિવિધ ગેલેરીઓ નિહાળી હતી. જેમાં જીવનની ઉત્પતિ અને માનવ જીવનનો ક્રમિક વિકાસ સાથે ભૂકંપ જેવી આપદાઓ અંગે જાણકારી મેળવી હતી. આ સાથે કચ્છમાં આવેલા વિનાશક ભૂકંપ બાદ કેવી રીતે કચ્છ બેઠું થયું તે અંગેની વિગતોથી તેઓ માહિતગાર થયા હતા.

દરમિયાન, તેમણે વિશ્વના સૌથી મોટા ભૂકંપ સિમ્યુલેટર પર વર્ષ ૨૦૦૧માં આવેલા કચ્છના ભૂકંપનો અનુભવ પણ કર્યો હતો. ધીરજ, અવિરત હિંમતની માનવકથાઓ તેમજ ભૂકંપના સાક્ષી લોકોના સંસ્મરણોના વીડિયો પણ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજીએ નિહાળ્યા હતા. તેઓએ "આશાનું ગીત" રજૂ કરનારા કચ્છના કલાકારોને પ્રોત્સાહિત કર્યા હતા.

આ મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિની સાથે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત , જિલ્લાના પ્રભારી મંત્રી પ્રફુલ્લ પાનશેરિયા, જિલ્લા કલેક્ટર અમિત અરોરા સહિતના અધિકારીઓ જોડાયા હતા.

---

## રાષ્ટ્રપતિ- ધોરડો ખાતે હસ્તકલા કારીગર સાથે મુલાકાત:

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ધોરડો પહોંચ્યા છે ત્યાં તેમણે હસ્તકલા કારીગરો સાથે મુલાકાત કરી તેઓ રબારી ભરતકામના જાણીતા કારીગર પાબીબેન રબારી ને પણ

મળ્યા હતા ખુશી સાથે પોતાનો પ્રતિભાવ આપતા ભાભી બેન રબારીએ આ મુજબ જણાવ્યું હતું

(બાઈટ – પાબીબેન રબારી)

---

## રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ:

આજે દેશભરમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. મહાન ભૌતિકશાસ્ત્રી સર સી.વી. રમન દ્વારા રમન ઇફેક્ટની શોધની યાદમાં દર વર્ષે 28 ફેબ્રુઆરીએ આ દિવસ ઉજવવામાં આવે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ  રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નિમિત્તે સૌને શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં , શ્રી મોદીએ કહ્યું કે , જિજ્ઞાસા એ વિજ્ઞાનની માતા છે.  પ્રધાનમંત્રીએ કહ્યું , વિજ્ઞાન અને જ્ઞાન સાથે મળીને દરેક સમસ્યાના ઉકેલના દ્વાર ખોલે છે.

ભુજની ઇન્દિરા બાઇ કન્યા વિદ્યાલય ખાતે   આજે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

વિદ્યાર્થીનીઓને  વિજ્ઞાન દિવસની ઉજવણી  ના ઇતિહાસ, રમન ઇફેક્ટ અને રોજિંદા જીવનમાં વિજ્ઞાનના મહત્વ વિશે વિગતવાર માહિતગાર કરાઈ હતી.

આ ઉપરાંત દ્રશ્ય શ્રાવ્ય સાધનોની મદદથી    ડો. સી. વી. રામનના જીવન ની મહત્વની ઘટનાઓ  અંગે માહિતી આપવામાં આવી હતી .  અને વિદ્યાર્થીનીઓ  દ્વારા વિજ્ઞાન ગીત અને વિજ્ઞાન કવિતા રજૂ કરવામાં આવ્યા હતા.

---

## પશુ વસ્તીગણતરી દિવસ:

કેન્દ્ર સરકાર દ્વારા હાલ સમગ્ર દેશની સાથે કચ્છમાં પણ ૨૧મી પશુધન વસ્તી ગણતરીની કામગીરી ચાલી રહી છે. જે અંતર્ગત પશુ વસ્તી ગણતરીની કામગીરીની મુદ્દત વધુ એક મહિનો લંબાવવામાં આવી છે. આ કામગીરી આગામી ૩૧મી માર્ચ સુધી પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રખાયો છે.

આ પશુવસ્તી ગણતરીમાં દુધાળા પશુઓ ઉપરાંત પાલતુ પશુઓની ગણતરી કરવામાં આવી રહી છે. પશુપાલન વિભાગની ટીમો દ્વારા કચ્છના દસેય તાલુકામાં ઘેર-ઘેર જઈ, મોબાઈલ એપ્લીકેશન મારફતે માહિતી એકત્રિત કરાઈ રહી છે.

જીલ્લા પશુપાલન અધિકારી ડો. રાજેશ પટેલે જણાવ્યું કે, કચ્છમાં અત્યાર સુધી કુલ ૮૭ ટકા જેટલી કામગીરી પૂર્ણ કરી લેવામાં આવી છે. ૩૧મી માર્ચ સુધી જીલ્લામાં ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરશે તેવું તેમણે જણાવ્યું હતું.

---

## રાજ્ય પોલીસ વડા:

રાજ્યના પોલીસ વડા ડીજીપી વિકાસ સહાય દ્વારા ગાંધીનગર ખાતે રાજ્યમાં અકસ્માત નિવારવા માટે વિવિધ સૂચનો લેવા તાત્કાલિક અસરથી સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે તાત્કાલિક મીટીંગ બોલાવાઈ હતી. તાજેતરમાં કચ્છમાં કેરા મુન્દ્રા રોડ ઉપર ગમખ્વાર અકસ્માત થતા આવા બનાવોને ધ્યાને લઇ ગંભીરતા વિષે રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે ગુજરાત પોલીસની ગાંધીનગર ખાતે મીટીંગ બોલાવીને અલગ અલગ સંસ્થાઓના પ્રતિનિધિઓ પાસે સૂચનો માંગ્યા હતા. ટ્રક ડ્રાઈવરો તેમજ એસટીના ડ્રાઈવરોમાં જાગૃતિ આવે તે માટે રાજ્યના દરેક જીલ્લામાં તાલુકા કક્ષાએ આવી જાગૃતિ આવે તે માટે સૌને સહિયારા પ્રયાસો કરવાની અપીલ કરી હતી.

---